# બોર્ડની પરીક્ષાની તૈયારીઓમાં વિદ્યાર્થીઓ ગળાડુબ

## ધો-૧૦ની પરીક્ષાની સાથે પરીક્ષાની મોસમ શરૂ થતાં પરીક્ષાનો માહોલ જામ્યો છે : પુસ્તકાલયો વિદ્યાર્થીઓથી ઉભરાઈ રહ્યા છે

ગાંધીનગર, તા.૧૦

ધો-૧૦ની બોર્ડની પરીક્ષાઓ થોડાક જ દિવસોમાં શરૂ થઈ રહી છે. આ પરીક્ષાઓના પ્રારંભ સાથે પરીક્ષાઓની સીઝન શરૂ થશે. પરીક્ષાઓના જામતા માહોલના કારણે પુસ્તકાલયોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ખુબ વધુ જોવા મળી રહી છે. વિદ્યાર્થીઓ જયાં શાંત જગ્યા મળે ત્યાં વાંચતા અને પરીક્ષાની તૈયારી કરતા જોવા મળી રહ્યા છે.

બોર્ડની પરીક્ષાઓ હવે શરૂ થઈ રહી છે. પહેલા ધો-૧૦ અને પછી ધો-૧૨ની પરીક્ષાઓ યોજાશે. પરીક્ષા શરૂ થવાને આડે હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે પરીક્ષાઓનો માહોલ બરાબર જામ્યો છે. ગાંધીનગર શહેર ધો-૧૦ની પરીક્ષા માટે જિલ્લાનું એક કેન્દ્ર હોઈ જયાં આ પરીક્ષાઓ યોજાવાની છે તે શાળાઓમાં તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. બોર્ડનો સ્ટાફ સ્થળ ચકાસણીથી લઈને અન્ય વ્યવસ્થામાં રોકાયો છે. પોલીસ સ્ટાફને પણ વિવિધ કેન્દ્રો પર ડયુટી સોંપાઈ ગઈ છે.


સૌથી વધુ તૈયારી વિદ્યાર્થીઓ કરી રહ્યા છે. પરીક્ષાના છેલ્લા દિવસોમાં વિદ્યાર્થીઓનો પુરેપુરો સમય પરીક્ષાની તૈયારી પાછળ જાય છે. જે વાલીઓના બાળકો ધો-૧૦માં છે તેઓએ કચેરીઓમાં રજા મુકી દીધી છે અને સંપૂર્ણ ધ્યાન બાળકના અભ્યાસ પાછળ આપી રહ્યા છે. શાળાના શિક્ષકો અને ટયુશન કલાસના શિક્ષકો વિદ્યાર્થીઓને પરીક્ષાની છેલ્લી ઘડીએ અનુભવાતી મુશ્કેલીઓ સોલ્વ કરવામાં વ્યસ્ત છે. પરીક્ષા દરમિયાન ઉપયોગી સ્ટેશનરી સહિતની ચીજવસ્તુઓ ખરીદવા બજારોમાં ભીડ જોવા મળી રહી છે. ધો-૧૦ની પરીક્ષાઓના તુરંત બાદ ધો-૧૨ની પરીક્ષાઓ યોજાશે. ત્યારબાદ શાળાકીય પરીક્ષા અને કોલેજની પરીક્ષાઓ યોજાશે. પરીક્ષાઓનો માહોલ પૂર્ણપણે જામ્યો છે.

# નગરના સ્વચ્છતા અભિયાનને પાનખરનું ગ્રહણ લાગ્યું

## અત્યાધુનિક મશીનોથી સાફ કરાયેલા મુખ્ય માર્ગો પર પાંદડાઓના ઢગનું સામ્રાજય : સતત પવનના કારણે ઉડતી ધૂળથી માર્ગો પરનું સફાઈ કાર્ય અર્થવિહિન બન્યું

ગાંધીનગર, તા.૧૦

દેશભરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત 'મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન' અંતર્ગત ઠેરઠેર જાહેર માર્ગો અને જાહેર સ્થળોનું સફાઈ કાર્ય તંત્ર, સેવાભાવી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ તેમજ નાગરિકો દ્વારા ઉત્સાહથી ઉપાડી મશીનો મહાનગરપાલિકા દ્વારા વસાવવામાં આવ્યા છે. આ મશીનો સતત નગરના મુખ્ય માર્ગો પર ફરતા રહીને ધુળને હટાવાની અને રસ્તાને ચોખ્ખો કરવાની કામગીરી કરે છે. પરંતુ હાલ આ કામગીરીમાં પાનખર અડચણ રૂપ સાબિત થઈ રહી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

લેવામાં આવ્યું છે.જો કે હાલના તબક્કે ગાંધીનગરમાં ઋતુચક્રના પરિવર્તનના પ્રતાપે જાહેર માર્ગો પરના સ્વચ્છતા અભિયાનને મુશ્કેલી પડી રહી છે.

વસંત ઋતુની સાથે આ વર્ષે પાનખરનો માહોલ વહેલો સર્જાતા હરિયાળા નગરમાં રાજમાર્ગોની બંને તરફ આવેલા ઘટાટોપ વૃક્ષો પરથી સતત પાંદડા ખરી રહ્યાં છે. પાનખરની આ અસરને કારણે જાહેર માર્ગો પર સ્વચ્છતા અભિયાન અંતર્ગત કરવામાં આવેલ સફાઈ કાર્ય પર પાણી ફરી રહ્યું છે, વળી, હાલ વાતાવરણમાં સતત ફુંકાતા પવનની હાજરીના કારણે પાન ખરવાની સાથે સાથે ખુલ્લા વિસ્તારોની ધુળ પણ ઉડીને માર્ગો પર પથરાઈ રહી છે. નગરનાં રોડ-રસ્તાઓને ડસ્ટ ફ્રી કરવા માટે અત્યાધુનિક

એક તરફ વસંતઋતુના કારણે નગરના વૃક્ષો ખાસ કરીને ગરમાળો, બોગનવેલ અને કરણ વગેરેમાં ખૂબ જ રંગબેરંગી ફુલો ખીલેલા જોવા મળી રહ્યાં છે. બીજી તરફ લીમડા સહિતના અનેક વૃક્ષો પરથી સતત પવનથી પાંદડા ખરીને માર્ગો પર પથરાઈ રહ્યાં છે. વળી, કરમાયેલા ફુલો પણ ખરી પડીને આ ઢગમાં વધારો કરી રહ્યાં છે. આ કારણે જાહેર માર્ગો પર કરાયેલ સફાઈકાર્ય થોડાક જ સમયમાં અર્થવિહિન બની જાય છે. પવનના કારણે સતત ઉડતી ધૂળ નગરના વાહનચાલકો ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકોને પણ પરેશાનીનો અનુભવ કરાવી રહી છે. આમ મોટા ઉપાડે હાથ ધરાયેલ સ્વચ્છતા અભિયાન કુદરત આગળ લાચાર બની રહેવા પામ્યું છે. જેના કારણે સફાઈ કર્મચારીઓમાં પણ નિરાશા વ્યાપેલી જોવા મળી રહી છે.

## વડીલોને વંદન અભિનંદન



શર્મિષ્ઠાબેન જે. દવે
(૧૯૫૧) મો. ૯૮૯૮૧૬૧૨૭૦

## કાંકરેજ યુવા રાજપુત મંડળ દ્વારા માર્ગદર્શન સેમિનાર યોજાયો

કાંકરેજ તાલુકાના શિહોરી સ્થિત એમ.વી. વાલાણી હાઈસ્કૂલ ખાતે રાજપુત યુવાનો માટે પોલીસ ભરતીની લેખિત પરીક્ષા વિશે માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો જેમાં ૨૦૦ જેટલા યુવાનોએ ભાગ લીધો હતો. આ માહિતી માર્ગદર્શન સેમિનારમાં સમાજના અગ્રમી અને નિષ્ણાંતો યુવાનોને પદ્ધતિસરની માહિતી આપી તેમને મુંઝવતા કેટલાક પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા હતા. સેમિનારમાં ભરતસિંહ ભટેસરીયા, મફાજી હેદુજી સોલંકી, કિર્તીસિંહ વાઘેલા, અણદુભા ડાભી, ગાંડાજી વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.



રાજયના માહિતી કમિશનરશ્રી એસ.બી.રાવલે પાલનપુર માહિતી ઓફિસની મુલાકાત લીધી હતી. તેમણે માહિતી પરિવારના અધિકારીઓ, કર્મચારીઓને કામગીરી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ હતુ તેમજ પ્રચાર-પ્રસારની કામગીરી વધુ સારી રીતે કરવા જણાવ્યું હતુ. તેમણે કહ્યુ કે સામાન્ય માણસને સ્પર્શતી અને તેને ફાયદાકારક બને તેવી બાબતોની પણ પ્રસિધ્ધિ કરીએ. માહિતી કમિશનરશ્રીએ માર્ગદર્શન આપતાં જણાવ્યું કે યુવાનોનો ઉત્સાહ વધે અને તેઓને આદર્શ પ્રેરણા મળે તે માટે મિડીયા થકી સારી રીતે મદદરૂપ થઈ શકાય છે. કમિશનરશ્રીએ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી વિશે વ્યાપક સ્તરે પ્રચાર પ્રસાર થાય તે માટે પણ કામગીરી કરવા જણાવ્યું હતુ.

## અગ્રણી ફાર્મસી રિટેલ ચેઈન મેડપ્લસે ગુજરાતના બજારમાં પ્રવેશ કર્યો

ભારતમાં સૌથી ઝડપે વિકાસ સાધી રહેલી સ્વતંત્ર ફાર્મસી રિટેલ ચેઈન મેડપ્લસે તેના મોટાપાયે વિસ્તરણના ભાગરૂપે ગુજરાતમાં આજે અમદાવાદમાં બ્રાન્ડેડ રિટેલ સ્ટોરની શરૂઆત સાથે બજારમાં પ્રવેશ કર્યો છે. પોતાના ગ્રાહકોને અનુકૂળ, વાજબી અને ગુણવત્તાયુક્ત હેલ્થકેર ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ સાથે બ્રાન્ડ આગામી બે વર્ષમાં ૫૦૦ થી વધુ કંપનીની માલીકી અને ફ્રેન્ચાઈઝી રિટેલ આઉટલેટ શરૂ કરીને સમગ્ર ગુજરાતમાં વિસ્તરણ કરવાની અપેક્ષા રાખે છે.

ફાર્મસી ઉદ્યોગમાં 'વેલ્યુ રિટેલિંગ'ના ખ્યાલ સાથે મેડપ્લસ ડિસ્કાઉન્ટ ભાવે અસલી દવાઓની વિશાળ પસંદગી ઉપલબ્ધ કરાવે છે, જેની મદદથી કંપનીને ભારતભરમાંથી ગ્રાહકોનો મજબૂત સહયોગ અને વિશ્વાસ પ્રાપ્ત થયો છે. ગુજરાતના વિવિધ શહેરોમાં બ્રાન્ડ તેની ઉદાહરણરૂપ સેવાઓ સાથે વિસ્તરણના પ્રયાસ ચાલુ રાખશે અને ગ્રાહકોનો વિશ્વાસ અને સહયોગ મેળવશે.

# ઈશરત કેસમાં વણઝારાની અપીલ પર ટૂંકમાં સુનાવણી

## પાંચમી ફેબ્રુઆરીએ જામીન પર મુક્ત થયેલા વણઝારાએ ગુજરાતમાં રહેવા મંજુરી આપવા માંગ કરી અરજી કરી

અમદાવાદ,તા.૧૦

ઈશરત કેસમાં હાલમાં જામીન પર મુક્ત થયેલા આતંકવાદ વિરોધી દળના તત્કાલિન વડા ડીજી વણઝારાએ ગુજરાતમાં રહેવાની મંજુરી આપવાની માંગ કરીને અરજી દાખલ કરી દીધી છે. આ મામલામાં વધુ સુનાવણી ૧૭મીના દિવસે હાથ ધરવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વણઝારાને મુંબઈમાં રહેવા અને ગુજરાતમાં પ્રવેશ ન કરવાની શરત ઉપર પાંચમી ફેબ્રુઆરીના દિવસે જામીન આપ્યા હતા. હવે ૧૭મીના દિવસે થનારી સુનાવણી ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ખાસ સીબીઆઈ કોર્ટમાં આ અંગે સુનાવણી હાથ ધરવામાં આવનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાંચમી ફેબ્રુઆરીના દિવસે ખાસ સીબીઆઈ કોર્ટે સમગ્ર દેશને હચમચાવનાર ઈશરત જહાં બનાવટી એનકાઉન્ટર કેસમાં આઈપીએસ અધિકારી પીપી પાંડે અને ડીજી વણઝારાને જામીન આપી દીધા હતા. વર્ષ ૨૦૦૪ના ઈશરત કેસના સંબંધમાં જામીન આપવામાં આવ્યા હતા. ૧૮ મહિના સુધી જેલમાં રહ્યા બાદ જામીન મંજુર કરવામાં આવ્યા છે. મુંબઈ સ્થિત ઈશરત, પ્રણેશ પિલ્લાઈ ઉર્ફે જાવેદ શેખ, અમઝદ અલી રાણા અને જિશાન ઝોહરને અમદાવાદ ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ ૧૫મી જુન ૨૦૦૪ના દિવસે શહેરના પરા વિસ્તારમાં એનકાઉન્ટરમાં ઠાર માર્યા હતા. ઈશરત જહાં કેસને લઈને માત્ર ગુજરાતમાં જ નહીં બલ્કે દેશભરમાં હોબાળો થયો હતો.

## વિધાનસભામાં ગાંધીનગર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

**ગાંધીનગર એ.આર.ટી.ઓ.ની જગ્યા એક વર્ષથી ચાર્જમાં**

ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીમાં એ.આર.ટી.ઓ.ની જગ્યા છેલ્લા એક વર્ષથી ચાર્જમાં છે. રાજયમાં એ.આર.ટી.ઓની ૨૫ જગ્યા ખાલી છે જયારે આરટીઓની ૧૧ જગ્યા ખાલી છે. આ પૈકી એઆરટીઓની જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે. બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાના પ્રશ્નના ઉત્તરમાં વાહન વ્યવહાર મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે આરટીઓની ફીડર કેડરમાં બઢતીપાત્ર ઉમેદવારો ઉપલબ્ધ નથી જેથી બઢતી આપી શકાય તેમ નથી. ભરતીની કાર્યવાહી ચાલુ છે.

## પરીક્ષા આરંભાશે ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી છે. વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ગ્રાઉન્ડ ફ્લોર પર બેઠક વ્યવસ્થા રાખવામાં આવી છે. બોર્ડની પરીક્ષાના પ્રારંભે સે. ૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ ખાતે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સે. ૨૩ આર.જી. કન્યા વિદ્યાલયમાં રાજયકક્ષાના મંત્રી વસુબેન ત્રિવેદી તેમજ સે. ૨૩ ગુરૂકુળ વિદ્યાલયમાં નાનુભાઈ વાનાણી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ કરાવશે. જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પણ પરીક્ષાને ધ્યાને લઈ કન્ટ્રોલરૂમ શરૂ કરી દેવાયો છે. આ અન્વયે જરૂર પડે પરીક્ષાર્થીઓને ૨૩૨૫૯૦૬૬ તેમજ ૨૩૨૨૦૩૧૪ નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે. શિક્ષણ બોર્ડ દ્વારા પણ વિદ્યાર્થીઓની કોઈપણ મુંજવણ દૂર કરવા હેલ્પલાઈન નં. ૧૮૦૦૨૩૩૫૫૦૦ શરૂ કરી દેવાઈ છે. તાવ શરદી વાળા દર્દીઓ માટે હેલ્થ ડેસ્ક શરૂ કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ પરીક્ષા સ્થળોને સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. ૧૮ હજાર જેટલા સ્થળોએ ટેબલેટની વ્યવસ્થા કરવામાં આવી છે. પરીક્ષા સ્થળોની આસપાસના ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા ઉપરાંત પરીક્ષા સ્થાને મોબાઈલ સહીતના સંદેશા વ્યવહારના સાધનો લઈ જવા પ્રતિબંધ ફરમાવ્યો છે.

## અધિકૃતતા કાર્યક્રમ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નામ, સરનામું, જન્મ તારીખ, ફોટા બદલાઈ ગયો હોય તેના સુધારા માટેની કામગીરી પણ કરવામાં આવશે.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, હાલમાં ગાંધીનગર જિલ્લામાં ૬૭ ટકા લોકો પાસે આધારકાર્ડ છે. આગામી સમયમાં આધાર કાર્ડની કામગીરીને વધુ વેગ આપવા વધુ મશીન મળશે તો ખાસ ઝુંબેશ પણ જિલ્લામાં શરૂ કરવામાં આવશે. તેમજ આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની મતદાર યાદીમાં અનેક નવા નામનો ઉમેરો થશે તેમજ મૃત્યૃ પામેલ વ્યક્તિના નામ કમી પણ થઈ જશે, જેના કારણે જિલ્લાની મતદાર યાદીમાં વધુ શુધ્ધતા આવશે.

આ બેઠકમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધર્મેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, બી.એલ.ઓ આ કાર્યક્રમ અંતર્ગત ઘરે ઘરે ફરતા હશે, ત્યારે મતદાર પાસેથી મતદારનું નામ, એપીક નંબર, આધાર નંબર, ઈમેલ આઈડી, મોબાઈલ નંબર જેવી વિગતો વાળું એનેક્ષર ફોર્મ એ ભરાવશે. જેના થકી મતદારોના મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી આવવાથી તેમને કોઈ પણ પ્રકારની માહિતી સરળતાથી તેમના મોબાઈલ કે ઈમેલ પર આપી શકાશે. તેમજ જેમનું આધારકાર્ડ હજુ આવ્યું નથી કે આધારકાર્ડ કઢાવવાનું બાકી છે, તેવો આધારકાર્ડ મળી ગયા બાદ તેમના મતદાર ફોટો ઓળખકાર્ડના ડેટા સાથે આધાર કાર્ડના ડેટાને સાંકળવા માટેની જરૂરી વિગતો હેલ્પ લાઈન નંબર ૧૯૫૦ પર પણ આપી શકશે. તેમજ પ્લાસ્ટિક મતદાર ફોટો ઓળખકાર્ડ પણ મતદારોને રૂપિયા ૩૦ ભરીને મેળવી શકશે.

## વિચારોના મધુવનમાં ... ● બીજા પાનાનું ચાલુ

બાદશાહ અકબરના સેનાપતિ અશરફ ખાન સાથે યુદ્ધમાં મોતને ભેટતા પહેલા ગોંદની રાણી દુર્ગાવતિએ પંદર વર્ષ સુધી શાસન કર્યું હતું. ૧૫૯૦નાં દાયકામાં મોઘલોની વિશાળ સેના સામે ચાંદબીબીએ અહેમદનગરની રક્ષા કરી હતી. વહિવટદાર અને યૌદ્ધા તરીકેની તેમની ક્ષમતાના કારણે, શિવાજીના માતા જીજાબાઈને રાજના વહિવટદાર તરીકે નિમવામાં આવ્યા હતા.

કિટ્ટુર ચિન્નમા, કર્ણાટકના રજવાડા કિટ્ટુરના મહારાણી હતા, અંગ્રેજોની ખાલસાનીતિ સામે તેમણે બળવો કર્યો હતો અને સૈન્યનું નેતૃત્વ કર્યું હતું. ૧૬મી સદીમાં તટીય કર્ણાટકની રાણી અબ્બક્કા રાણીએ યુરોપી સેનાઓના આક્રમણને, ખાસ કરીને પોર્ટુગલોના આક્રમણને સફળતાપૂર્વક ખાળ્યું હતું. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ અંગ્રેજોની સામે ૧૮૫૭માં ભારતીયોના બળવાનું નેતૃત્વ કર્યું હતું.

ભારતની સ્વાતંત્ર્ય ચળવળમાં મહિલાઓએ અગત્યની ભૂમિકા ભજવી હતી. કેટલાક વિખ્યાત સ્વાતંત્ર્ય સેનાનીઓમાં ભિખાજી કામા, ડૉ. એન્ની બેસન્ટ, પ્રીતિલત્તા વાડેદાર, વિજયાલક્ષ્મી પંડિત, રાજકુમારી અમૃત કૌર, અરૂણા આશફ અલી, સૂચેતા ક્રિપ્લાની, અને કસ્તૂરબા ગાંધીનો સમાવેશ થાય છે.

આ બધાની સામે સરળતાથી અને ઝડપી રૂપિયા કમાવવાની લાલચ આપીને સારા પરિવારોની મહિલાઓને પોતાના શકંજામાં ફસાવી પોતાની આંગળીઓ પર નચાવનાર કેટલીક ગેંગ પોતાની મહિલા એજન્ટ દ્વારા મોટા ઘરની મહિલાઓને પોતાની જાળમાં ફસાવે છે.


પૂરી રીતે પોતાની જાળમાં ફસાવ્યા બાદ તે લોકો તેનું શારીરિક શોષણ શરૂ કરી દે છે. પોતાના અને પરિવારના માટે મહિલાઓ ચુપચાપ સહન કરતી રહે છે જેવું આ ગેંગ તેમની પાસે કરાવે, પછી આ મહિલાઓ દ્વારા પૈસાની લાલચ આપીને નવા શિકારની શોધ થાય છે. કિટી પાર્ટીઓ ઉપર નજર રાખવામાં આવે છે. મેરઠની પોશ કોલોનીમાં રહેતી મોટા ઘરની મહિલાઓ અને યુવતીઓ ઉપર આટોળકીની નજર રહે છે. આ કાળા કરતૂતના કારોબારનો શિકાર બની ચૂકેલી કવિતા (કાલ્પનિક નામ)નું કહેવું છે કે આ કારોબાર ચલાવનારાઓએ કેટલીક મહિલાઓને પણ એજન્ટના રૂપમાં તેમની સાથે રાખી છે. આ મહિલા એજન્ટોની નજર શ્રીમંત પરિવારોની તે મહિલાઓ ઉપર હોય છે જે મોજ-મસ્તી માટે કિટી પાર્ટી, કલમ અને અન્ય સંસ્થાઓમાં જાય છે. પહેલા મહિલા એજન્ટ આવા પરિવારોની યુવતી-મહિલાઓનો વિશ્વાસ જીતે છે પછી ધીરે-ધીરે તેને નફાની લાલચ આપીને શારીરિક શોષણનો શિકાર બનાવે છે. આને આવા લોકોએ ડબ્બા કારોબાર નું નામ આપ્યું છે.

કવિતાના કહેવા મુજબ વૈભવી વિસ્તારોની શ્રીમંત યુવતીઓ-મહિલાઓ પ્રત્યેક બીજા-ત્રીજા દિવસે કોઈને કોઈ હોટલ, રેસ્ટોરાં, ફાર્મ હાઉસ વગેરેમાં કિટી પાર્ટીના નામે એકઠી થઈને મોજ-મસ્તી કરતી હોય છે.આમાં સામેલ મહિલા એજન્ટ તેમને એમસીએક્સ અને શેરબજારોના ૨ નંબરમાં સંચાલિત ડબ્બા કારોબારમાં થોડા પૈસા રોકીને મોટો નફો કમાવવાની લાલચ આપે છે.

મોટા કુટુંબોની યુવતીઓ - મહિલાઓ પર શરૂઆતમાં આ બિઝનેસમાં ખૂબ નોટ વરસાવવામાં આવે છે. જયારે આવી મહિલાઓને આ ધંધામાં મોટો નફો દેખાય છે. તો તે તેના પરિવારથી છૂપાવીને બિઝનેસ માં વધારે પૈસા રોકવાનું શરૂ કરી દે છે. મહિલાઓના ડબ્બા કારોબારમાં વધારે પૈસાના રોકાણ બાદ ભારે નુકસાન પહોંચાડી દેવામાં આવે છે. ગુમાવેલા પૈસા નફા સહિત પાછા મેળવવાની લાલચની શિકાર મહિલા જોત જોતામાં લાખો રૂપિયાની દેવાદાર બની જાય છે.

પૈસા ગુમાવનારી મહિલાઓ પાસે અમુક કાગળ અને સ્ટેમ્પ પેપર ઉપર સહી કરાવીને લાખો રૂપિયાનું ધિરાણ આપવામાં આવે છે અને ત્યાર બાદ જ અસલી ખેલ શરૂ થાય છે. લાખોનું ધિરાણ લેનારી મહિલાઓ પર પૈસા પાછા આપવાનું દબાણ કરવામાં આવે છે. પૈસાની ઉઘરાણી અને ઘરના લોકોની નજરમાંથી બચવા માટે મહિલાઓ પૈસા મેળવવા માટે ગમે તે કરવા તૈયાર થઈ જાય છે. હવે મહિલાઓનું પૈસા આપવાના બહાને શહેર કે ફાર્મ હાઉસમાં બનેલી હોટલોમાં બોલાવીને શારીરિક શોષણશરૂ કરવામાં આવે છે. એકવાર આ ટોળકી ની નાગચૂડમાં ફસાયેલી મહિલા ફરી બહાર નીકળી શકતી નથી. પોલીસનું કહેવું છે કે તેને આ બાબતે માહિતી તો મળી છે પરંતુ ફરિયાદ ન મળવાને કારણે તે કંઈ કરી શકતી નથી.

## શબ્દાવલી - ૫૬૬૬



### આડી ચાવી

- ૧. ભૂમિ કે જમીન પર પડેલું (૪)
- ૬. તલ્લીન, રત (૨)
- ૭. કારગત, પાસ (૩)
- ૯. સુંદર બાગ, મધુર બાગ(૪)
- ૧૦. કાવ્ય, કવિતા (૩)
- ૧૨. ઝેર (૨)
- ૧૩. ભરોસો, વિશ્વાસ (૩)
- ૧૫. બીક, ભય (૨)
- ૧૬. જાહોજલાલી, વૈભવ (૩)
- ૨૦. બીકમ, ડરકણ (૪)

### ઊભી ચાવી

- ૧. નાગ, સાપ (૩)
- ૨. પોળ, સાંકળી જગ્યા (૨)
- ૩. શરીર અને વિચાર કરવાની ઇન્દ્રિય (૪)
- ૪. દારૂ, મદ્ય (૩)
- ૫. શેરડીના રસને ઉકાળવાથી... બને છે (૨)
- ૮. ગાંધીનગરની શરૂઆતે આવેલ એમ્યુઝમેન્ટ પાર્ક (૪)
- ૧૦. ભૂલ, ખોટ (૩)
- ૧૧. વાંસ (૨)
- ૧૩. સુલહ, તડો વચ્ચે સમાધાન (૪)
- ૧૪. કપડાં સાંધવાનું સાધન... દોરો (૨)
- ૧૭. તદ્દન ભાંગી તુટી પડેલ(૩)
- ૧૮. ખાંડના મોટા પાસાદાર ગાંગડા (૩)
- ૧૯. એક ફુલ ઝાડ (૨)

### શબ્દાવલી ૫૬૬૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) ભોમકા (૩) અખતરો (૬) રદ (૭) યોજના (૮) રાખ (૯) મુશાયરો (૧૧) બેન (૧૨) ખસ (૧૪) કૃપણ (૧૫) રસો (૧૭) સત્ર (૧૮) જગત (૧૯) જાન (૨૦) તીન

**ઊભી ચાવી :-** (૨) ભોમિયો (૨) કારનામુ (૪) ખરખરો (૫) રોગચાળો (૮) રાયસણ (૧૦) શાખપત્ર (૧૧) બેન્ડવાજા (૧૩) ફારગતી (૧૪) કૃસ (૧૬) સોતન

## પોલીસ કોંગ્રેસ ● અનુસંધાન પહેલાનું ચાલુ

તથા અન્ય પ્રોજેકટસ શેરીંગ કરવા આ કોન્ફરન્સનું આયોજન થાય છે. આ વર્ષે બીપીઆરએન્ડડી તરફથી કુલ ૧૩ વિષયો ઉપર પેપર્સ રજુ થનાર છે. જેમાં પોલીસ મોર્ડનાઈઝેશન બીયોન્ડ વ્હીકલ, વેપન્સ એન્ડ બિલ્ડીંગ્સ, રોલ ઓફ સોશિયલ મિડીયા, ઈશ્યુસ એન્ડ ચેલેન્જીસ તથા સ્માર્ટ સીટી કન્સેપ્ટ, સેફ્ટી એન્ડ સીક્યુરીટી ઈસ્યુઝ અને રોલ ઓફ પ્લેસમેન્ટ એજન્સીઝ ડોમેસ્ટીક એન્ડ ફોરેન ઈન હ્યુમન ટ્રાફીકીંગ એમ ચાર મુખ્ય ક્ષેત્રોમાં વિષયોની વહેંચણી કરવામાં આવી છે.

વિવિધ રાજયોની પોલીસ તેમજ કેન્દ્રીય બળો દ્વારા ઉપયોગમાં લેવાતી બેસ્ટ પ્રેક્ટીસ વિષયો પર એક સત્ર રાખવામાં આવ્યું છે. આ સત્રનું ગુજરાત પોલીસ તરફથી સુરક્ષા સેતુ, સુરત શહેરના સીસીટીવી પ્રોજેકટ અને ઈ-ગુજકોમ જેવા વિષયો ઉપર પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવશે. દિલ્હી પોલીસ તરફથી 'હિંમત' પ્રોજેકટ પર પ્રેઝન્ટેશન થશે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલન હસ્તે ૧૧ માર્ચે સવારે ૮.૩૦ કલાકે કાર્યક્રમનું ઉદઘાટન થશે જેમાં સાયબર સુરક્ષા કવચ વેબસાઈટનું લોન્ચીંગ પણ કરવામાં આવનાર છે. એડીજીપી કક્ષાના અધિકારી સહિત સાયબર સિક્યુરીટી એક્સપર્ટને મળીને ૨૦ નિષ્ણાંતોની બોડી દ્વારા સાયબર સુરક્ષાની તાલીમ પોલીસને અપાશે. તે ઉપરાંત સર્ટીફીકશન કોર્ષ પણ શરુ કરી સાયબર ક્રાઈમમાં ઈન્વેસ્ટીગેશન બેસ્ટ બનાવવા ભાર મુકવામાં આવશે.

## એજન્સીને નોટીસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાળવવા માટે સરકારમાં રજુઆત કરવામાં આવી છે. નવી વધુ કીટો ઝડપથી ઉપલબ્ધ બનશે તેવો તેમને વિશ્વાસ છે. મતદાર યાદી શુદ્ધતા અને અધિકૃતતા કાર્યક્રમની વિગતો આપવા બોલાવેલી પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું હતું કે આધાર નંબર અને મતદારયાદી ક્રમાંકનું સંકલન કરવાની આ અતિ મહત્વની કામગીરી છે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધર્મેશ પટેલે જણાવ્યું હતું કે ૫૫ હજાર જેટલા મતદારોએ તેમના આધાર નંબર રજુ કર્યા છે. અને તેમની ડેટા એન્ટ્રી ચાલી રહી છે.

જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે જણાવ્યું હતું કે તંત્ર નવી કીટો આધાર માટેની ઉપલબ્ધ થયેથી કેમ્પ મોડ પર રજીસ્ટ્રેશન કરવાનું આયોજન હાલ વિચારાધીન છે. આ માટે તંત્રના અધિકારીઓને પણ જરૂરી માર્ગદર્શન સાથેની સૂચનાઓ આપવામાં આવી છે.

## વર્ગખંડો ઉતારી લેવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉતારવા અને તોડી પાડવાની કામગીરીમાં એક સૂત્રતા આવે તે માટે પુખ્ત વિચારણાને અંતે આ નિર્ણય લીધો છે.

સરકારે શાળાના મકાન તોડવાની તથા નવા મકાનની બાંધકામની ગુણવત્તા પર નજર રાખવા માટે ગ્રામ્યકક્ષાની શિક્ષણ સમિતિને કામગીરીમાં સામેલ કરવાની રહેશે. જુના બાંધકામ તોડવા અને કાટમાળ ખસેડવા માટે શક્ય હોય ત્યાં સુધી સ્થાનિક સાધનોનો ઉપીયોગ કરવાનો રહેશે.

શાળાના નવા મકાનના બાંધકામ કરનાર કોન્ટ્રાક્ટર એજન્સીને જ જૂના ઓરડા વર્ગ ખંડો તોડી પાડવાની કામગીરી તથા કાટમાળ ખસેડવાની કામગીરી પણ સોંપવામાં આવે તેવી રીતે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

**જાહેર નિવિદા**

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેકટર-૧૭, ગાંધીનગરના ફરત ગ્રંથાલયની સેવાઓ તથા અન્ય ગ્રંથાલય પ્રવૃત્તિઓ માટે ટાટા સુમો / બોલેરો ટાઈપનું બંધ બોડીનું ટેક્ષી પાસીંગ વાહન છેલ્લા ત્રણ વર્ષના મોડેલનું ભાડેથી જોઈએ છે. રસ ધરાવતી પાર્ટીઓએ વાહનની વિગતો, ન્યુનત્તમ માસિક કિ.મી.ની વિગતો સાથેના ભાવો તથા **રૂ. ૨૫૦૦૦/- અર્નેસ્ટમનીનો ડીમાન્ડ ડ્રાફ્ટ 'ગ્રંથપાલશ્રી, રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર'**ના નામનો અત્રેની કચેરીને તા. ૨૦/૩/૨૦૧૫ના રોજ ૧૫.૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે. મળેલ ભાવપત્રકો આજ દિવસે ૧૭.૦૦ કલાકે ખોલવામાં આવશે. મળેલ ભાવોના સ્વીકાર / અસ્વીકાર કરવાનો અધિકાર નીચે સહી કરનારનો અબાધિત રહેશે.

**ફોન નં. ૦૭૯-૨૩૨૨૦૦૬૪**
www.book4gujarat.com
www.syco.gujarat.gov.in

**સહી/-**
**(કૌશિક શાહ)**
**ગ્રંથપાલ (વર્ગ-૧)**
**રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય**
**ગાંધીનગર**

**માહિતી/૨૫૯૦/૨૦૧૪-૧૫**